**શ્રીમદ્ રાજચંદ્ર** નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભવન ટ્રસ્ટ

Shrimad Rajchandra Gyan Mandir, Shrimad RajChandraji Chowk, Nr. Rajkrupa Flat, Jain Nagar, Paldi, **Ahmedabad** - 380007 | **Ph.:** 079 2663 1396, 2660 2493 | **Mo:** 97144 41357, 70964 41357
Shrimad Rajchandra Ashram, Vadva, Metpur, **Khambhat** - 388620 | **Ph.:** 02698 220631 / 223631
Shrimad Rajchandra Ashram, Ghantiya Pahad, **Idar** - 383430. **Ph.** 02778 251357 / 291357 | **Mo.:** 94271 33951
**E:** srnm1viharbhavantrust@gmail.com | www. shrimadrajchandratrust.org

**Shrimad Rajchandra Nijabhyas Mandap and Vihar Bhavan Trust**

**શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભવન ટ્રસ્ટ (અમદાવાદ-વડવા-ઈડર) યોજે છે**
**પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પ્રાગટ્યના ૧૨૫મા વર્ષની ઉજવણીના પાવન પ્રસંગે**

# "શ્રી આત્મસિદ્ધિ પ્રતિયોગિતા"

**પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પ્રાગટ્યના ૧૨૫મા વર્ષની શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભવન ટ્રસ્ટ (અમદાવાદ-વડવા-ઈડર) એક અનોખી રીતે ઉજવણી કરતાં ધન્યતા અનુભવે છે. આ અપૂર્વ અવસરે કોઈ પણ નાત-જાતના, સ્થળ, જાતિ કે સંપ્રદાયના મતાગ્રહ વગર "ભક્તિ-સત્સંગ" રૂપે એક પ્રતિયોગિતા યોજી વધુમાં વધુ અધ્યાત્મરસિક-જિજ્ઞાસુઓને અંતર્મુખ થવા એક ઉત્કૃષ્ટ નિમિત્ત બની રહે એ જ મંગલ ભાવના સહ આ આયોજન કરેલ છે.**

## શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રના આધારે

## "શ્રી આત્મસિદ્ધિ પ્રતિયોગિતા"

**-: પ્રથમ પારિતોષિક :-**
**₹ એક લાખ + પ્રશસ્તિપત્ર**

**દ્વિતીય પારિતોષિક :**
**₹ પચાસ હજાર + પ્રશસ્તિપત્ર**

**તૃતીય પારિતોષિક :**
**₹ પચીસ હજાર + પ્રશસ્તિપત્ર**

**બે આશ્વાસન પારિતોષિક :**
**₹ દસ હજાર + પ્રશસ્તિપત્ર**

## **નિયમાવલી**

૧. આ પ્રતિયોગિતાના પ્રશ્નોના ઉત્તરો પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'ના આધારે જ આપવાના રહેશે.

૨. ધર્મ-જાતિ કે સંપ્રદાયના ભેદભાવ વિના આબાલ વૃદ્ધ સહુ કોઈ જિજ્ઞાસુ આ પરીક્ષા આપી શકશે.

૩. <u>પરીક્ષા બે તબક્કામાં લેવાશે.</u>

(અ) પ્રારંભિક પરીક્ષા: આ Open Book Exam ઘરે બેઠા આપવાની છે. આ પરીક્ષામાં પ્રથમ પચાસ ક્રમે ઉત્તીર્ણ થનાર પરીક્ષાર્થીઓ દરેકને ₹ ૧,૦૦૦/- નો પુરસ્કાર આપવામાં આવશે. જે પૈકી તા. ૩૧ જુલાઈ ૨૦૨૧ નાં રોજ ૧૫ વર્ષ પૂરાની ઉંમર સુધીના પરીક્ષાર્થીઓ માટે ૫ પુરસ્કાર આનામત રખાશે. એક સરખા માર્કસ હશે તો ડ્રોથી ક્રમ નક્કી કરાશે.

(બ) અંતિમ પરીક્ષા: પ્રારંભિક પરીક્ષામાં ઉપર પ્રમાણે પ્રથમ ૫૦ ક્રમે ઉત્તીર્ણ થનાર પરીક્ષાર્થીઓ આ પરીક્ષા માટે પાત્ર ગણાશે. અંતિમ પરીક્ષામાં પ્રથમ પાંચ ક્રમે ઉત્તીર્ણ થનાર પરીક્ષાર્થીઓને ઉપર જણાવ્યા પ્રમાણે પારિતોષિક એનાયત થશે.

૪. <u>પ્રારંભિક પરીક્ષામાં આ સાથેના પ્રશ્નપત્ર (૧ થી ૯ પ્રશ્નો) ના ઉત્તરો મોડામાં મોડા ૩૧.૦૭.૨૦૨૧ સુધીમાં મળે તેમ મોકલવાના છે.</u>

૫. દરેક પ્રશ્નના ઉત્તર આ સાથેની ઉત્તરવહી કે તે પ્રમાણેના ફોર્મેટમાં દર્શાવ્યા પ્રમાણેના સ્થાને જ લખવાના છે. ઉત્તરો કાળી શાહી અગર બ્લૂ શાહીથી (પેન્સિલ, લાલ પેન કે ફ્લોરોસેન્ટ પેનથી નહીં) સુવાચ્ય અક્ષરોમાં લખવા. ઉત્તરવહીની સાથે જવાબો માટે વધારાનાં પાનાં જોડવાં નહીં. તે ગણતરીમાં લેવાશે નહીં.

**<u>સહયોગી સંસ્થાઓ :</u> ●ફેડરેશન ઓફ જૈન એસોસિએશન્સ ઈન યુ. એસ. એ. એન્ડ કેનેડા (જૈના)**
**●ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી (ભારત-બ્રિટન) ●જીતો (અમદાવાદ ચેપ્ટર) ● અર્હમ સ્પીરીચ્યુઅલ સેન્ટર**
**<u>શ્રીમદ્ રાજચંદ્રજી સમર્પિત સંસ્થાઓ :</u> ધરમપુર, કોબા, સાયલા, રાજકોટ, ઘાટકોપર (મુંબઈ), દિલ્હી, સાગોડીયા, કુકમા.**

૬. ઉત્તરવહીની ઝેરોક્ષ કૉપી માં ઉતારો ભરીને મોકલી શકાશે

૭. ઉત્તરવહીમાં પરીક્ષાર્થીએ પોતાનું નામ, સંપૂર્ણ સરનામું, જન્મ તારીખ, ફોન નંબર (લેન્ડલાઇન / મોબાઇલ) E-mail id ( હોય તો ) બરાબર લખીને ઉત્તરવહી બંધ કવરમાં મોકલવી અને કવર પર "આત્મસિદ્ધિ પ્રતિયોગિતા" લખવું. કવર પોસ્ટમાં મોકલનારે યોગ્ય કિંમતની પોસ્ટલ સ્ટેમ્પ લગાવવાનું ધ્યાનમાં રાખવું.

૮. અંતિમ પરીક્ષા : અંતિમ પરીક્ષા <u>ઓક્ટોબર ૨૦૨૧</u>માં યોજાશે. જેના ચોક્કસ સમય-સ્થળની તથા તેના નિયમોની પ્રારંભિક પરીક્ષાના વિજેતાઓને સમયસર જાણ કરાશે. અંતિમ પરીક્ષા માટે રૂબરૂ <u>અમદાવાદ</u> આવવાનું રહેશે. સહભાગી થનાર વિજેતાઓને રેલવે Second class sleeper fare reimburse કરી આપવામાં આવશે. પરદેશના વિજેતા પરીક્ષાર્થીઓ માટે અલાયદી વ્યવસ્થા કરાશે.

૯. <u>બંને પરીક્ષાના ઉત્તરો ગુજરાતી અગર હિન્દી અગર અંગ્રેજી ભાષામાં આપી શકાશે.</u> પરીક્ષા જે ભાષામાં આપવી હોય તે ભાષાનાં પ્રશ્નપત્રો મેળવવા.

૧૦. પરિણામમાં પરીક્ષક-ટીમનો નિર્ણય આખરી ગણાશે. આ બાબતે ચર્ચા વગેરેને અવકાશ નથી.

૧૧. ઉત્તરવહી મોકલવાની છેલ્લી તારીખ ૩૧-૦૭.૨૦૨૧ બાદ મળેલ ઉત્તરવહી ગણતરીમાં લેવાશે નહીં.

૧૨. 'Early Birds' ઇનામો : વિજેતા બને કે ના બને – ૭૫% કે વધુ માર્કસ મેળવનાર <u>પ્રથમ ૨૫૦ ઉત્તરવહીઓ</u> મોકલનાર પરીક્ષાર્થીઓને નીચેની શરતોને આધીન ₹ ૧૦૦/-નું વિશેષ ઇનામ આપવામાં આવશે. Early Birdsનાં ઇનામો માટે ખોટી ઉતાવળ ના કરવામાં આવે તે આશયથી એવું નક્કી કરેલ છે કે તા. ૩૧.૦૫.૨૦૨૧ સુધીમાં આવેલી તમામ ઉત્તરવહીઓ એક સાથે આવેલી ગણાશે. જો ત્યાં સુધીમાં ૨૫૦થી વધુ ઉત્તરવહીઓ આવેલી હશે તો તેમાંથી ડ્રો કરી ૨૫૦ વિજેતા નક્કી કરાશે.

૧૩. ઉત્તરવહી અત્રે મળેથી તુરંત SMSથી જાણ કરાશે. ઉત્તરવહી પરત મળશે નહીં તેથી એની નકલ પોતે રાખી લેવી. દરેક પરીક્ષાર્થીએ પ્રાપ્ત કરેલ માર્કસની જાણ ૩૧.૦૮.૨૦૨૧ બાદ SMS/Email થી કરાશે.

૧૪. ઉત્તરવહી મોકલવાનું સરનામું : શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, શ્રીમદ્ રાજચંદ્રજી ચોક, રાજકૃપા ફ્લેટની બાજુમાં, જૈનનગર, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭. ગુજરાત, ભારત.

૧૫. ઉત્તરવહી E-mail Id: srnm1viharbhavantrust@gmail.com પર મોકલી શકાશે.

૧૬. આયોજક સંસ્થાની વેબસાઇટ www.shrimadrajchandratrust.org અથવા ફેસબુક પેજ https//www.facebook.com/aatmasiddhishastra/ પરથી પ્રતિયોગિતાની નિયમાવલી, પ્રશ્નપત્ર તથા ઉત્તરવહી ડાઉનલોડ કરી શકાશે. ઉત્તરવહીના પ્રિન્ટ આઉટમાં ઉત્તરો ભરી તેને ઉપર દર્શાવેલ સરનામે પોસ્ટ અથવા ઈમેઇલ કરી શકશે.

૧૭. વેબસાઇટમાં આપેલ લિંકમાં ક્લિક કરી ખૂલેલ ઉત્તરવહીમાં પણ ઉત્તર આપી શકાશે.

૧૮. પ્રતિયોગિતાના નિયમોમાં ફેરફાર કરવાનો હક્ક તથા તેના અર્થઘટનનો આખરી નિર્ણય આયોજકોનો રહેશે.

## પ્રતિયોગિતા આયોજનની ભૂમિકા

ચાર વર્ષ પહેલાં આ સંસ્થાએ શ્રીમદ્ રાજચંદ્રજીકૃત 'મોક્ષમાળા' પુસ્તકના આધારે પ્રતિયોગિતાનું ખૂબ સફળતાપૂર્વક આયોજન કરેલ જેમાં લગભગ ૨૦૦૦ જિજ્ઞાસુ ધર્મપ્રેમી ભાઇ-બહેનો દેશના જુદા જુદા પ્રદેશોમાંથી અને પરદેશમાંથી પણ ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા. તે પૈકી ઘણાની "શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર" ના આધારે એ પ્રમાણેની પ્રતિયોગિતાનું આયોજન કરવા આગ્રહપૂર્વક માંગ હતી. જે સંદર્ભે 'મોક્ષમાળા પ્રતિયોગિતા'માં સહભાગી થનાર સહુ આ પ્રતિયોગિતામાં પણ ઉલ્લાસપૂર્વક ભાગ લેશે એવો વિશ્વાસ છે. ઉપરાંત અન્ય ધર્મપ્રેમી ભાઇ-બહેનોને પ્રતિયોગિતામાં સામેલ થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

## પરીક્ષાર્થીની પ્રતિબદ્ધતા

અનાદિ કાળની ભ્રમણાનું કારણ મિથ્યાત્વ છે. તેના કારણે દેહમાં આત્મબુદ્ધિરૂપ વિભ્રમ ઊભો થાય છે અને પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું વિસ્મરણ થાય છે. જે સ્વરૂપ સમજ્યા વિના જીવ અનંતકાળથી સંસારભ્રમણનું દુ:ખ ભોગવ્યા કરે છે તે સ્વરૂપ સમજાય એવી આત્મશ્રેણી પ્રાપ્ત કરવાનો માર્ગ શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિશાસ્ત્રમાં સરળ ગુજરાતી ભાષામાં માત્ર ૧૪૨ ગાથામાં દોહા રૂપે દર્શાવેલ છે. અનંત તીર્થંકરો જે તત્વનો બોધ કરી ગયા છે તે જ તત્વને શ્રીમદ્જીએ આ શાસ્ત્રમાં યથાર્થ સમજાવ્યું છે અને એ રીતે તીર્થંકરોના માર્ગની પ્રભાવના કરી છે. જેઓ આ શાસ્ત્રથી અપરિચિત છે તેઓને આવા સરળ ઉત્તમ શાસ્ત્રના વાંચન-મનનની પ્રેરણા થાય તથા જેઓ પરિચિત છે તેઓને વિશેષ મનનનું નિમિત્ત બને એ આશયથી આ પ્રતિયોગિતાનું આયોજન કરેલ છે. જેથી દરેક પરીક્ષાર્થી સૌપ્રથમ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની ગાથાઓનું એક યા વધુ વખત સળંગ રટણ-વાંચન કરી તેના તાત્પર્ય સમજવાનો પ્રયત્ન કરે તે અપેક્ષિત છે, તે બાદ વિશેષ સમજ અર્થે વડીલ, શિક્ષક કે અભ્યાસીઓનું માર્ગદર્શન મેળવી શકાય. વિશેષ સમજ અર્થે 'આત્મસિદ્ધિ' પરનાં વિવેચનોના પુસ્તકો, વ્યાખ્યાનોનો સંદર્ભ લઈ શકાય. પરંતુ પ્રશ્નપત્રના ઉત્તર તો પરીક્ષાર્થીઓએ જાતે જ લખવાના છે જેથી 'આત્મસિદ્ધિશાસ્ત્ર'નો યથાર્થ ન્યાયી લાભ મળી શકે. કોઇની પાસેથી સીધા ઉત્તર મેળવીને કે કોઇએ તૈયાર કર્યા હોય તે જોઇને નકલ કરવાની છૂટ નથી. ટૂંકમાં ઉત્તરો આત્મસાક્ષીએ સ્વયં લખવાના છે. ઉપર પ્રમાણે અપેક્ષિત વર્તનની

પ્રતિબધ્ધતા અર્થે 'ઉત્તરવહી'ના પ્રારંભમાં 'પ્રતિજ્ઞાપત્ર' પર દરેક પરીક્ષાર્થીએ પોતાની સહી કરવી આવશ્યક છે.

## યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજી

સંવત ૧૯૨૪ના કાર્તિક પૂર્ણિમા એટલે કે દેવદિવાળીના માંગલિક દિવસે એક યુગપુરુષનો જન્મ થયો. એ સમયે ક્રિયાકાંડ, દંભભર્યા ધર્મ-આચરણ, ઉત્સવો-મહોત્સવો વગેરેથી સમાજ ચારેબાજુથી ઘેરાયેલો હતો, ત્યારે ધર્મની મૂળ ભાવના અને તેનું અંતિમ ધ્યેય બતાવવાનું કામ યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીએ કર્યું. એ સમયે ભારતની ભૂમિ પર બે મહાન વિભૂતિઓનું પ્રાગટ્ય થયું. એક આધ્યાત્મના શિખર સમા જૈન ધર્મના મૂળમાર્ગપ્રબોધક શ્રીમદ્ રાજચંદ્રજીનું અને બીજા આપણા દેશને સર્વાંગી આઝાદી અપાવનાર મહાત્મા ગાંધીજીનું. સમય જતાં શ્રીમદ્ રાજચંદ્રજી મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક બન્યા. ગાંધીજીએ લખ્યું છે : "સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનમાંથી છે."

એમનામાં જન્મજન્માંતરની આત્મસાધનાના ફળ રૂપે અદ્ભુત વૈરાગ્ય પ્રગટ્યો હતો. માત્ર સાત વર્ષની બાળવયે જાતિસ્મરણજ્ઞાનને પરિણામે વૈરાગ્ય તીવ્ર બનતાં તેઓ સંપૂર્ણ વીતરાગતા નજીક પહોચ્યા. તેમને અત્યંત નાની વયે ગાગરમાં સાગર સમા 'મોક્ષમાળા' નામનું પુસ્તક લખ્યું. જેના ૧૦૮ પાઠ એમના અપૂર્વ આત્મજ્ઞાનના પુરાવા આપે છે. પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય સુખલાલજીએ જેને 'જૈન ધર્મની ગીતા' તરીકે ઓળખાવેલ છે એવા 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની એમને માત્ર દોઢ કલાકમાં રચના કરી આર્યધર્મનાં છએ દર્શનોને તુલનાત્મક મૂલવી જગતને અધ્યાત્મનું ખરું દર્શન કરાવેલ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીનું જીવન આત્મશક્તિના આધ્યાત્મિક શિખર સમું છે. આજન્મ યોગી અને સાક્ષાત સરસ્વતી સમા તેઓ સાડા સાત વર્ષે ભણવા બેસે છે અને એકાદ માસ થતા પહેલાં તો કક્કો, બારાખડી અને આંક પૂરા કરે છે. તેઓએ આઠ વર્ષની ઉંમરથી કાવ્યરચના શરૂ કરી. એ જ વર્ષે ૫૦૦૦ કડીઓના કાવ્યની રચના કરી. નવ વર્ષની વયે પદ્યમાં 'રામાયણ' અને 'મહાભારત' લખ્યાં. દસ વર્ષની ઉંમરે તેમના વિચારો એક પુખ્ત ઉંમરના અનુભવીને છાજે તેવા હતા. તેઓ એટલી બધી ચમત્કારિક શક્તિઓના ભંડાર હતા કે જે સરખાવવા બીજું કોઈ ઉદાહરણ મળતું નથી. કવિત્વશક્તિ, સ્મરણશક્તિ અને જ્યોતિષશાસ્ત્રનું અજોડ જ્ઞાન તેઓ જન્મતાની સાથે જ લાવ્યા હતા.

આ અલૌકિક વિરલ વિભૂતિ ૨૦ વર્ષની ઉંમર પહેલાં જાહેરમાં શતાવધાન કરી લોકોને આત્માની અચિંત્ય શક્તિ દર્શાવીને જેમ સર્પ કાંચળી તજે તેમ તે અવધાન-પ્રયોગો કરવાનું છોડી દે છે અને 'જગતમાં માન ન હોત તો મોક્ષ અહીં જ હોત' એમ કહેનાર આ મહાપુરુષે પોતાના આચરણથી પોતાની વીતરાગ દશાની સાબિતી બતાવી !

આવા મહાત્મા ગાંધીજીની આધ્યાત્મિક તૃષા છીપાવનાર શ્રીમદ્ રાજચંદ્રજીએ હિંદુ ધર્મમાં મહાત્મા ગાંધીજીને શ્રદ્ધા દ્રઢ કરી હતી અને એમની પાસેથી સત્ય, અહિંસા, ત્યાગ અને વૈરાગ્યના ભાવો પામ્યા હતા. શ્રીમદ્ રાજચંદ્રજીએ મૂળમાર્ગ પર લક્ષ્ય કરીને અને પરમશ્રુતની આરાધના કરીને જૈન ધર્મના સિદ્ધાંતોના નિચોડ સમા આધ્યાત્મિક ગદ્ય પદ્ય સાહિત્યની રચના કરી. એમની કવિતા અને તત્વજ્ઞાન એવા લય અને તાલ સાથે પ્રગટ થયા કે અગણિત મુમુક્ષુઓના અંતરમાં એનું અવિરત ગુંજન સતત ચાલ્યા કરે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીનું જીવન સ્વયં એક સંદેશ બની ગયું. બાહ્ય ઉપાધિ અને પ્રબળ વ્યાધિ વચ્ચે જીવતા માનવીને માટે એ સમતાનો શીળો છાંયડો બની ગયું. એમણે ગૃહસ્થાશ્રમમાં રહીને આત્મકલ્યાણના ઊર્ધ્વ શિખરનો સાધનાપંથ બતાવ્યો. એમનાં વચનોમાં હૃદયપરિવર્તનની શાંત તાકાત હતી. એમના આત્મલક્ષી ચિંતનમાં બાહ્ય જગતમાં અહીંતહીં ભમતા માનવીને ભીતરમાં ખોજ કરવાનું આહવાન હતું.

'મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી,' એમ કહેનાર શ્રીમદ્જી નાં વચનો ભેદદૃષ્ટિ કે મતાગ્રહ છોડીને આત્મકલ્યાણનો માર્ગ પામવાનો પડકાર કરે છે. શુષ્ક જ્ઞાન કે જડ ક્રિયાનો નિષેધ કરવાની સાથોસાથ સમર્પણશીલ ભાવયુક્ત ભક્તિને સર્વોત્કૃષ્ટ માર્ગ તરીકે દર્શાવે છે. "બીજું કશું શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધ" કહેનારા શ્રીમદ્ રાજચંદ્રજીએ સદ્ગુરુનું અપૂર્વ માહાત્મ્ય બતાવ્યું.

શ્રીમદ્ રાજચંદ્રજીનું વ્યક્તિત્વ જ વૈરાગ્ય-પ્રેરક હતું અને એમની શક્તિઓ અસાધારણ હતી. તેઓ એકાંતમાં રહી સ્વાધ્યાય, મનન અને ધ્યાનમાં સમય પસાર કરતા અને લોકસમૂહથી દૂર જંગલોમાં અને પહાડોમાં, નિર્જન સ્થળમાં કે વૃક્ષની નીચે ધ્યાન ધરતા હતા.

શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનનો પ્રકાશ જગત પર એવી રીતે ફેલાયો છે કે એમાંથી સહુ કોઈને જીવનની ઊર્ધ્વ યાત્રાનો વિરલ પંથ દ્રષ્ટિગોચર થાય છે. આજે શ્રીમદ્ રાજચંદ્રજીએ બતાવેલો મૂળ માર્ગ મુમુક્ષુઓનો રાજમાર્ગ બન્યો છે.

## શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

વિ.સં. ૧૯૫૨માં આસો વદ એકમના દિવસે શ્રીમદ્ રાજચંદ્રજીએ નડિયાદમાં ષડદર્શનના સાર સમા શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની રચના કરી. માત્ર દોઢ-બે કલાક જેટલા ટૂંકા ગાળામાં એક જ બેઠકે એનું સર્જન કર્યું. 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'માં આધ્યાત્મિક ભાવરૂપી કલમથી, ગહન ચિંતનના નવનીતરૂપ શાહીથી, આત્માને જગાડનારી અને ઓળખાવનારી કાવ્યપંક્તિઓ સર્જાવા લાગી.

શ્રીમદ્જીના પરમાર્થ સખા શ્રી સૌભાગ્યભાઇ જેવા સુપાત્ર જીવ દ્વારા કોઇ ભાગ્યશાળી ક્ષણે થયેલી વિનંતીના પરિપાકરૂપે "શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર" રૂપી અમૂલ્ય મોતી ઉત્પન્ન થયું.

૧૪૨ ગાથામાં વિરાટ શ્રુતસાગરને શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિરૂપ ગાગરમાં સમાવી દીધો. જૈનદર્શનની એક વિરલ વિશિષ્ટતા એ અનેકાંતવાદ છે અને 'આત્મસિદ્ધિશાસ્ત્ર"માં સ્યાદ્‌વાદ શૈલીના આલેખનને કારણે સર્વદર્શનોનો સાર ગાગરમાં સાગરની માફક સમાઈ જાય છે. એની રચના શિષ્યની જિજ્ઞાસા અને ગુરુના ઉત્તર દ્વારા કરી છે. આ રીતે શંકા અને સમાધાનના આલેખન દ્વારા છ દર્શનોનું નવનીત આપીને જૈનદર્શનની ઉત્તમતા પ્રગટ કરી છે. આમાં કોઈ ધર્મના મતનું ખંડન કરવાને બદલે નામ આપ્યા વિના માત્ર એનો વિચાર દર્શાવ્યો છે અને એ રીતે જુદાં જુદાં દર્શનોના અભિપ્રાય એમણે આલેખ્યા છે. આ નાની કૃતિમાં સર્વ ધર્મના અનુયાયીઓને માટે આત્માનો મહિમા ગાયો છે. એમાં દ્રવ્યાનુયોગનો નિષ્કર્ષ અને સમસ્ત તત્વજ્ઞાનનો નીચોડ છે.

આથી જ "શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર"ને આત્મોપનિષદ તરીકે ઓળખવામાં આવે છે.

ઉચ્ચ અભ્યાસી <u>પંડિતવર્ય સુખલાલજીએ</u> "શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર" માટે જણાવ્યું છે કે 'શ્રીમદ્ રાજચંદ્રે આ એક નાનકડી કૃતિમાં આત્માને લાગતું આવશ્યક પૂર્ણ રહસ્ય દર્શાવી આપ્યું છે. પ્રસ્તુત આત્મસિદ્ધિ એ સાચે જ 'આત્મોપનિષદ છે. જૈન મુમુક્ષુ માટે તે ગીતાની ગરજ સારે તેવું છે'.

મોક્ષમાર્ગનું અમૃત આ શાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે અને તેથી એના અભ્યાસ, અધ્યયન અને સ્વાધ્યાય અને ઉત્તરોના લેખનથી વ્યક્તિના હૃદયમાં આપોઆપ ધર્મજાગૃતિ અને આત્મજાગૃતિનો અનુભવ થાય છે. આ ગહન ગ્રંથ છે. એમ છતાં તેને એવી શૈલીમાં આલેખન કરવામાં આવ્યું છે કે દરેકની યોગ્યતા પ્રમાણે એમાંથી કંઇ ને કંઇ બોધ ગ્રહણ થાય અને જેમ જેમ તેનો અભ્યાસ વધે તેમ તેમ તેની મહત્તા પણ વિશેષ ભાસવા લાગે. માત્ર ૨૯ વર્ષની યુવા વયે દોઢ કલાકમાં એક બેઠકે રચાયેલી આ કૃતિ દરેક ધર્માનુરાગી વ્યક્તિને માટે તેના ઉચ્ચ જીવનની પગદંડી છે.

શ્રી "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના પ્રાગટ્યના ૧૨૫મા વર્ષના પાવન પ્રસંગે એક યુગપુરુષના હૃદયમાંથી જાગેલ રત્નોરૂપી કૃતિને અવલોકીને પ્રેમપૂર્વક અનુભવી પ્રતિયોગિતામાં સહભાગી થઇએ.

## 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' પરના વિવેચનના પ્રકાશનો

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પર વિદ્વાનોના વિવેચનોના પુસ્તકો પ્રકાશિત થયા છે. તેમાંના કેટલાકની યાદી નીચે આપેલ છે. પરીક્ષાર્થીઓને વિશેષ વાંચન-મનન-અવગાહન માટે આ પ્રકાશનો ઉપયોગી થઇ શકે.

| | | |
|---|---|---|
| ૧. | આત્મસિદ્ધિ વિવેચન | પૂ. શ્રી બ્રહ્મચારીજી |
| ૨. | શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચનો | પૂ. ગુરૂદેવ શ્રી કાનજીસ્વામી |
| ૩. | શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત આત્મસિદ્ધિશાસ્ત્ર ( વિશેષાર્થ સહિત) | શ્રી ભોગીલાલ ગિ. શેઠ |
| ૪. | હું આત્મા છું | ડો. તરુલતાબાઈ મહાસતીજી |
| ૫. | શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત આત્મસિદ્ધિશાસ્ત્ર ( રાજજ્યોતિ મહાભાષ્ય ) | ડો. ભગવાનદાસ મહેતા |
| ૬. | શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત આત્મસિદ્ધિશાસ્ત્ર | પંડિત વર્ય શ્રી સુખલાલજી |
| ૭. | શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત આત્મસિદ્ધિશાસ્ત્ર સંક્ષિપ્ત અર્થ | પૂ. ગુરૂદેવ શ્રી રાકેશભાઇ |
| ૮. | !! આત્મસિદ્ધિ શાસ્ત્ર !! પ્રવચન માળા ભાગ ૧ થી ૩ | પૂ. મુનિશ્રી શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબ |
| ૯. | The Self – Realization | શ્રી દિનુભાઈ પટેલ |
| ૧૦. | Philosophy of Shrimad Rajchandra | શ્રી શાંતિલાલ મગનલાલ પટેલ |
| ૧૧. | Philosophy of spritualistiq of Shrimad Rajchandra | ડો. યુ. કે. પુંગલિયા |

સ્વાધ્યાય/પ્રવચન: શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર અનેક વિદ્વાનો/સંતોના સ્વાધ્યાય/પ્રવચન તથા અનેક ભક્તિકારોએ મધુર કંઠે ગાન કરેલ "આત્મસિદ્ધિ" યૂટ્યૂબ પર ઉપલબ્ધ છે.

## પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોના ઉદ્‌ગારો

શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર ચમત્કારી છે, લબ્ધીઓથી ભરેલું છે, મંત્ર સમાન છે......
હે નાથ ! અપૂર્વ વચન દર્શાવી, બોધબીજની અમૃતવાણીનું પાન કરાવી, અલભ્ય લાભ આ દાસને પમાડયો છે.
**- પૂ. મુનિ શ્રી લઘુરાજ સ્વામી**

श्रीमद्जीने अपने विचारोंसे और आचारण से लोगों को नैतिकता-प्रमाणिकता का बोध दिया हैं | जीवन विकासके प्राथमिक उपायोंकाभीचिंतन एवं विचारपुष्प लोंगोको दिये हैं | श्रीमद्जी ने जिनेश्वरदेव की वाणी को सरल लोकभाषामें देकर जनमानस पर उपकार किया हैं |

**-गच्छाधिपति आचार्य पद्मसागरसूरीश्वरजी**

सर्वजीवों के लीए परमकल्याणकारी मोहरूपी महामल्ल का पराजय करने वाले एवं मोक्षप्राप्ति के लिए कारणभूत श्रीमद् राजचंद्रजी जैसे ज्ञानी के वचनो का स्वाध्याय करने से मिथ्यात्व का नाश होता हे | परमस्वरूप की प्राप्ति होती हें |

**- गच्छाधिपति आचार्य विजय नित्यानंदसूरीश्वरजी**

ખરેખર શ્રીમદ્દના વાક્યો જોતાં તેમની કેવી ઉચ્ચ સાધક દશા હતી તે જોઈ શકાય છે, એટલું જ નહિ, હજારો હજારો માણસોને એ વચનો જીવનમાં માર્ગદર્શક બન્યાં છે તેમના વચનોમાં એક અદ્દભૂત ઓજસ છે, તેજ છે, વેધકતા છે, ઉંડાણ છે, પ્રવાહિપણું છે. એ પોતે જીનેશ્વરમાં કેવા તન્મય થયેલા હતા તે જણાઈ આવે છે. તેમની વાણી અત્યંત સરળ અને હૃદયસ્પર્શી હોવાથી હજારો જૈનો-અજૈનોને અત્યંત અસરકારનારી બની છે.

**- પૂ.મુનિ શ્રી જંબુવિજયજી મહારાજ સાહેબ (પૂ. આચાર્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના સંસારી પુત્ર તથા શિષ્ય)**

ખેર ! મતાગ્રહ, દૃષ્ટિરાગ અને અભિનિવેશનો ત્યાગ કરી ને શ્રીમદ્દજીનું પરિશીલન કરનારને સત્યમાર્ગ મળવાની સંભાવના પૂરી છે.

**- પૂ. આચાર્ય શ્રી આનંદઘનસૂરીશ્વરજી તથા પૂ. આચાર્ય શ્રી પ્રદીપચંદ્રસૂરી શ્વરજી**

"શ્રીમદે આ ધરા પર જન્મ ધારણ કરી જનમાનસ પર અનહદ ઉપકાર કર્યો પોતે આત્મકાર્ય સાધી ગયા અને અન્ય માટે રાહ પ્રશસ્ત કરી ગયા. તેઓએ મહદ્ ઉપકાર તો એ કર્યો કે જિનેશ્વરના પ્રરૂપેલ તત્વોને ભાષાકીય દ્રષ્ટિએ સરળ કરી આપ્યાં........ આ શાસ્ત્રના ભાવો અતિ ગંભીર છે, અત્યંત રહસ્યપૂર્ણ છે. જેમણે આ શાસ્ત્ર લખ્યું તેઓની આત્માનુભૂતિથી નીકળેલા એક એક શબ્દ અણમૂલ છે."

**- ડો તરુલતાબાઈ મહાસતીજી**

"અધ્યાત્મ યુગપુરૂષ શ્રીમદ્ રાજચંદ્રજીની સહજ આત્માનુભૂતિની દશામાં અવતરેલ અનુપમ આધાત્મિક ગ્રંથરત્ન 'આત્મસિદ્ધિ' ૧૨ આગમ અને ૧૪ પૂર્વનો સાર છે".

**- પૂ. મુનિશ્રી ભાનુવિજયજી મ.સા.**

ભગવતી સૂત્રમાં આત્મા આદિ છ બોલ બતાવેલ છે. 'આત્મસિદ્ધિ'માં શ્રીમદ્ રાજચંદ્રજીએ એ જ છ બોલ સરળ ગુજરાતીમાં આલેખેલ છે.

**- પૂ. વનિતાબાઈ મહાસતીજી**

'આત્મસિદ્ધિ'એ રત્નાકર છે, તેનું પ્રધાનલક્ષ આત્માની શુદ્ધિ અને સિદ્ધિ છે. આ શાસ્ત્રમાં જિનેશ્વર ભાગવાનોનો માર્ગ છે. શ્રીમદ્ રાજચંદ્રજી એક દિવ્યપુરૂષ હતા.

**– પરમદાર્શનિક પૂ. જયંતમુનિ**

## વિદ્ધાનો શ્રીના ઉદ્દગારો

શ્રીમદ્ રાજચંદ્ર અસાધારણ વ્યક્તિ હતા. તેમનાં લખાણ એ તેમના અનુભવનાં બિંદુ સમા છે. તે વાચનાર, વિચારનાર અને તે પ્રમાણે ચાલનારને મોક્ષ સુલભ થાય, તેના કષાયો મોળા પડે, તેને સંસાર વિશે ઉદાસીનતા આવે, તે દેહનો મોહ છોડી આત્માર્થી બને.

**- મહાત્મા ગાંધીજી**

"કૃપાળુદેવને ઘણા ભવોનું જે જ્ઞાન હતું તે બધુ વલોવી, આત્મસિદ્ધિ રૂપી માખણ કાઢ્યું".

**- પૂજ્ય શ્રી બ્રહ્મચારીજી**

જૈન મુમક્ષુ માટે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' ગીતાની ગરજ સારે તેવું છે.

**- પંડીત શ્રી સુખલાલજી**

"ગુજરાતી ભાષામાં આત્મસિદ્ધિ લખીને શ્રીમદે જૈન શાસનની શોભા વધારી છે. તેમાં જે આત્માની સિદ્ધિ કરી છે તે ખરેખર એમ જ છે, તેને અવગાહવું."

**- પૂ. શ્રી કાનજીસ્વામી**

"અનાદિ મોહનિદ્રામાંથી જગાડનાર, વિસારી મૂકેલાનું સ્મરણ કરાવનાર અંતર્ધાન થઇ ગયેલ આત્માને પ્રગટ કરનાર અને મોહાસ્ત્રને બ્રહ્માસ્ત્રથી પરાજીત કરવાનું રહસ્ય દર્શાવનાર આ પરમ પવિત્ર નિર્મળ, નિર્દોષ શાસ્ત્ર છે."

**- શ્રી ભોગીલાલ ગિ. શેઠ**

"આત્મસિદ્ધિશાસ્ત્ર ઘણું બધું ગુણગર્ભિત છે , એની દરેક ગાથા એક લબ્ધિવાક્ય જેવી છે."

**- અલ્પશ્રુત**

"અક્ષરે અક્ષરે પરમ અદ્‌ભૂત શાસ્ત્ર સંકલનાથી–અનુપમ તત્વકળાથી ગૂંથેલું આ આત્મસિદ્ધિશાસ્ત્ર ખરેખર ! આત્મસિદ્ધિ કરાવનારું અનુપમ શાસ્ત્ર છે.

**- ડો. ભગવાનદાસ મહેતા**

"આત્મસિદ્ધિશાસ્ત્ર એટલે જિનશાસનોનું નવનીત, આગમ પુષ્પોનો મહામૂલો અર્ક, ષડદર્શનનો સાર, પરમ જ્ઞાન દશા પામેલા શ્રીમદ્‌ની સાધનાનો પરિપાક, આત્મસિદ્ધિ અર્થે સર્વ જીવો માટે ઉદ્‌ઘાટિત થયેલ મોક્ષમાર્ગ."

**– પૂ. શ્રી રાકેશભાઈ**

"શ્રીમદ્ રાજચંદ્રજીના શબ્દે શબ્દમાં પ્રતીત થાય છે કે તેઓ અન્ય દર્શનનું ખંડન કર્યા વિના જિનદર્શનની શ્રેષ્ઠતા દર્શાવે છે. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

**– પદ્મશ્રી કુમારપાળ દેસાઈ**

"આત્મસિદ્ધિશાસ્ત્ર ભણવાથી આત્મા વિષેના સંદેહો દૂર થાય છે. શ્રધ્ધા નિર્મળ થાય છે. રુચી વિશેષ વૃદ્ધિ પામે છે.

**- શ્રી ધીરજલાલ ડાહ્યાભાઈ મહેતા**

## -: "શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર" ની પ્રાપ્તિ :-

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત ગ્રંથમાં 'આત્મસિદ્ધિ' અને એના અર્થનો સમાવેશ છે તે ગ્રંથ તથા શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની સ્વતંત્ર પુસ્તિકા નીચેના સ્થાનોથી પ્રાપ્ત થઇ શકશે.

(અ) અમદાવાદ : શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, જૈન નગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭ ફોન: ૦૭૯-૨૬૬૩૧૩૯૬ - ૦૭૯-૨૬૬૦૨૪૯૩ મો. ૯૭૧૪૪ ૪૧૩૫૭, ૭૦૯૬૪ ૪૧૩૫૭.

(બ ) ભારતભરમાં તથા વિશ્વમાં શ્રીમદ્ રાજચંદ્રજી સમર્પિત સર્વ આશ્રમો, મંદિરો તથા કેન્દ્રો પરથી 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' તથા શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ ઉપલબ્ધ થશે.

(ક) આયોજક સંસ્થાની વેબસાઈટ **www.shrimadrajchandratrust.org** પરથી 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' ડાઉનલોડ કરી શકાશે.

### શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની સ્તુતિ

પતિત જન પાવની, સુર સરિતા સમી, અધમ ઉદ્ધારિણી આત્મસિદ્ધિ,
જન્મ જન્માંતરો જાણતા જોગીએ, આત્મ અનુભવ વડે આજ દીધી;
ભક્ત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા, ભવ્ય સૌભાગ્યની વિનતીથી,
ચારુતર ભૂમિના, નગર નડીયાદમાં, પૂર્ણ કૃપા પ્રભુએ કરી 'તી. પતિત...

યાદ નદીની ધરે, નામ નડીયાદ પણ, ચરણ ચૂમી મહાપુરુષોના,
પરમકૃપાળુની ચરણરજ સંતની, ભક્તિભૂમિ હરે ચિત્ત સૌનાં;
સમીપ રહી એક અંબાલાલ તહીં, ભકિત કરી દીપ હાથે ધરીને,
એક કલમે કરી પૂરી કૃપાળુએ, આસો વદ એકમે સિદ્ધિજીને. પતિત...

**- પૂ. શ્રી બ્રહ્મચારીજી**

---

## "સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો"

---

**સંપર્ક સૂત્ર: અરવિંદ પી. શાહ, પ્રમુખ - 93748 94071 - Whatsapp Message**
**મયુર આર. શાહ, સેક્રેટરી - 9825258800 - Whatsapp Message**